# જીવન આસાન બનાવવા માટેના સાધનો મેળવવા વિષે

ડીસેબલ્ડ લોકોનું જીવન સરળ અને આસાન બનાવવા માટે ઘણા સાધનો છે - બે નાકા વાળા કપ/મગ થી માંડીને ઈલેક્ટ્રિક વ્હીલચેર સુધી - મોજૂદ છે.

આ બારામાં જાણકારી મેળવી લેવાનું આપના હિતમાં જ છે. આપની સંભાળ હેઠળની વ્યક્તિને એકદમ ટેકો મળી રહે એવા કોઇ સાધન વિષે તમને જાણવા મળે. કદાચ એ વસ્તુ મેળવવા માટે આર્થિક મદદ પણ મળી શકે, યા તમને એ વસ્તુ વિના મૂલ્યે પણ મળી જાય.

## આવા ટેકારૂપ સાધનો ક્યાંથી મળે?

આ સાધનો અને ઉપકરણો - જેવી આપની જરૂરિયાત - અનેક જગ્યાએથી મળે છે. અમુક સંસ્થાઓ - દા. ત. તમારી સ્થાનિક કાઉન્સિલ યા હેલ્થ ઑથોરિટી - કેટલાંક સાધનો વિના મૂલ્યે યા નજીવી કિંમતે આપી શકે છે, તો ત્યાં પ્રથમ તપાસ કરવી ફાયદાકારક છે. કિંમત

- હેલ્થ ઑથોરિટી પાસેથી ચિકિત્સારૂપે મળતા સાધનો;
- સ્થાનિક કાઉન્સિલ દ્વારા મળતા અન્ય ટેકારૂપી સાધનો;
- પોતાના વ્યવસાયમાં મદદરૂપ થાય એવા સાધનો, જે ડિપાર્ટમેન્ટ ઓફ વર્ક એન્ડ પેન્શનસ (રોજગાર અને પેન્શન માટેનું સરકારી ખાતું) થકી મળી શકે છે;
- ધર્માદા સંસ્થાઓ, પરોપકારી અને કલ્યાણકારી સંસ્થાઓ તેમ જ અન્ય સ્વાશ્રયી ગ્રૂપો પાસેથી સાધનો ઉછીના લેવાય, ભાડે રખાય યા ખરીદી શકાય;
- સાધનો વેચતી હોય એવી ધંધાદારી પેઢીઓ;
- કોઇ સાધનો કે ઉપકરણો તમારે જાતે જ બનાવવા હોય તો શું કરવું.

## હેલ્થ ઑથોરિટી પાસેથી ચિકિત્સારૂપે મળતા સાધનો

નીચે જણાવેલ કોઇ પણ વસ્તુઓ યા અન્ય કોઇ ચિકિત્સારૂપે મળતા સાધનો જોઇએ તો તમારી સંભાળ હેઠળની વ્યક્તિના ડૉક્ટરનો સંપર્ક સાધો:

- ઈન્કોન્ટિનન્સ (મળ-ત્યાગ/મૂત્ર-ત્યાગ બેકાબૂ બની ગયા હોય એવી સ્થિતિ) માટેના સાધનો;
- હોજરીમાં અમુક ખાસ શસ્ત્રક્રિયા કરેલ હોય તેવા લોકો માટેના ‘સ્ટોમા’ સાધનો;
- ડાયાબીટીસ (મધુપ્રમેહ) ને ડામવા માટેના ઉપકરણો;
- ઘા માટે યા સાધારણ સહારા માટેના પાટાપીંડી;
- શ્વાસોચ્છ્વાસ સંબંધી સાધનો.

આપની સંભાળ હેઠળની વ્યક્તિને હોસ્પિટલમાંથી રજા મળતી હોય તો ઘરે આવતાંની સાથે જ જરૂર પડે એવા સાધનોની વ્યવસ્થા હોસ્પિટલના મોટા ડૉક્ટરે (કન્સલ્ટન્ટે) કરવાની હોય છે.

આમાંના ઘણા સાધનો વિના મૂલ્યે યા નજીવી કિંમતે મળે છે એની નોંધ લેવી.

- આવા ટેકારૂપી સાધનો ખરીદો ત્યાર વીએટી (VAT) ભરવામાંથી કેવી રીતે બચવું;
- ટેકારૂપી સાધનો લેવા માટે આર્થિક સહાય કેવી રીતે મેળવવી.

## સ્થાનિક કાઉન્સિલ દ્વારા મળતા અન્ય ટેકારૂપી સાધનો

સાધારણ રોજીંદા જીવનમાં સહાયકારક બને એવા દવા-દારૂ સિવાયના અન્ય સાધનો (દા.ત. ટેકણલાકડી, વિગેરે) ની જરૂર હોય તો સ્થાનિક કાઉન્સિલના સોશિયલ સર્વિસીસ વિભાગનો સંપર્ક કરો.

સ્કોટલેન્ડમાં રહેતા હો તો ‘સોશિયલ વર્ક ડિપાર્ટમેન્ટ’નો સંપર્ક કરો અને નોર્ધર્ન આયર્લેન્ડમાં રહેતા હો તો ‘હેલ્થ એન્ડ સોશિયલ સર્વિસીસ ટ્રસ્ટ’નો સંપર્ક કરો.

આમાંના ઘણા સાધનો વિના મૂલ્યે યા નજીવી કિંમતે મળે છે એની નોંધ લેવી.

## પોતાના વ્યવસાયમાં મદદરૂપ થાય એવા સાધનો, જે ડિપાર્ટમેન્ટ ઓફ વર્ક એન્ડ પેન્શનસ (રોજગાર અને પેન્શન માટેનું સરકારી ખાતું) થકી મળી શકે છે

ડીસેબીલીટી વાળા માણસોને એના વ્યવસાયમાં મદદરૂપ થાય એવા સાધનો અને ઉપકરણોની પ્રાપ્તિ માટે ડિપાર્ટમેન્ટ ઓફ વર્ક એન્ડ પેન્શને ખાસ યોજના અમલમાં મુકી છે.  આ યોજના થકી ખાસ કોમ્પ્યુટરો અને બોલતા કેલ્ક્યુલેટર જેવા સાધનો વિના મૂલ્યે મળી શકે છે.

ડીસેબલ્ડ કામદારો માટે કામની જગ્યાને અનૂકુળ બનાવવા માટે એમ્પ્લોયરોને ગ્રાન્ટ પણ મળી શકે છે.

વધારે માહિતી માટે સ્થાનિક 'જોબસેન્ટર'નો સંપર્ક કરો.

## ધર્માદા સંસ્થાઓ, પરોપકારી અને કલ્યાણકારી સંસ્થાઓ તેમ જ અન્ય સ્વાશ્રયી ગ્રૂપ પાસેથી સાધનો ઉછીના લેવાય, ભાડે રખાય યા ખરીદી શકાય

સાધનો ઉછીના આપતી હોય, ભાડે આપતી હોય યા વેચતી હોય એવી ઘણી સંસ્થાઓ છે:

- બ્રિટિશ રેડ ક્રોસ સોસાયટીની સ્થાનિક ઓફિસમાંથી વ્હીલચેર ઉછીની મળી શકે છે. મોટૅબિલીટી નામની સંસ્થા પાસેથી ઈલેક્ટ્રિક વ્હીલચેર અને ખાસ મોટરગાડી જે તમે હપ્તા ઉપર લઇ શકો છો (એટલે કે એની આખી કિંમત તાત્કાલિક નથી ચૂકવવી પડતી, અમુક સમય સુધી હપ્તા ભરવાના હોય છે). મોટૅબિલીટીની સુવિધા ફક્ત એવા લોકો માટે જ છે જેમને ડીસેબીલીટી લીવીંગ એલાવન્સમાં હલન-ચલન માટેનો અંશ ઊંચા દર ઉપર મળતો હોય.
- 'કોન્ટિનન્સ ફાઉન્ડેશન' નામની સંસ્થા ઈન્કોન્ટિનન્સને લગતી ખાસ સાધન-સામગ્રી પૂરી પાડે છે.

## સાધનો વેચતી હોય એવી ધંધાદારી પેઢીઓ

ઘણી ધંધાદારી પેઢીઓ પાસેથી જરૂરી સાધનો ખરીદી શકાય છે; શોરૂમ સુધી ન પહોંચી શકે એવા લોકોની અનુકૂળતા માટે અમુક કંપનીઓ મેઇલ ઓર્ડરની સગવડ આપે છે. મેઇલ ઓર્ડરથી કાંઇ વસ્તુ ખરીદતા પહેલા તમારા સ્થાનિક સોશિયલ સર્વિસીસ વિભાગમાંથી ઓક્યુપેશનલ થેરાપીસ્ટની સલાહ લેવી.

આ સાધનો વિષે વધારે માહિતી 'ધ ડીસેબલ્ડ લીવીંગ ફાઉન્ડેશન' પાસેથી મળશે. એનો નંબર છે: ૦૮૪૫ ૧૩૦ ૯૧૭૭.

## કોઇ સાધનો કે ઉપકરણો તમારે જાતે જ બનાવવા હોય તો શું કરવું

તમને ટેકારૂપ બની રહે એવા કોઇ સાધનો કે ઉપકરણો તમારે જાતે જ બનાવવા હોય તો નીચે દર્શાવેલ વાચન સામગ્રી તમને શરૂઆત કરવા માટે મદદરૂપ થઇ પડશે (આ વિગતો અંગ્રેજીમાં જ આપેલ છે):

*Handmade helps for disabled living*, by Stuart Granger,
Batsford, £12.99 ISBN 0 7134 3935 1

*I can do it myself*, by Wouter Van Leeuwen and Hans Elzenger,
£6.95 ISBN 0 907 349315

## આવા કોઇ સાથનો ખરીદતા પહેલા, માગતા પહેલા કે ભાડે લેતા પહેલા જોઇ-ચકાસી લેવા હોય તો ક્યાં જવું?

આવા કોઇ સાધનો ખરીદતા પહેલા, માગતા પહેલા કે ભાડે લેતા પહેલા જોઇ લેવા માટે અનેક રસ્તા છે:

- ડીસેબલ્ડ/ઇન્ડિપેન્ડન્ટ લીવીંગ સેન્ટર ની મુલાકાત લો;
- અંધજનો અને ઓછું દેખી શકે એવા માણસો માટેના સહાય-કેન્દ્ર ની મુલાકાત લો;
- બહેરા અને ઓછું સાંભળી શકે એવા માણસો માટેના સહાય-કેન્દ્ર ની મુલાકાત લો.

### ડીસેબલ્ડ/ઇન્ડિપેન્ડન્ટ લીવીંગ સેન્ટર

તમે આવા સેન્ટરમાં જાવ તો ત્યાં તમે ઓક્યુપેશનલ થેરાપીસ્ટ (ડીસેબીલીટી વિષે ખાસ જાણકાર ચિકિત્સક)ની સાથે તમને જરૂરી સાધનો બારામાં વાતચીત કરી શકશો અને એ સાધનોને અજમાવી શકશો.

તમારા નજીકના સેન્ટરની ભાળ મેળવવા માટે 'ઇન્ડિપેન્ડન્ટ લીવીંગ સેન્ટર્સ કાઉન્સિલ'નો સંપર્ક કરો.

### અંધજનો અને ઓછું દેખી શકે  એવા માણસો માટેના સહાય-કેન્દ્રો

અંધજનો અને ઓછું દેખી શકે એવા માણસોને ઉપયોગમાં આવે એવા સાધનો વિષે સલાહ આપી શકે એવા લગભગ પચાસ સહાય-કેન્દ્રો યુ.કે.માં છે.  તમારા નજીકના સેન્ટરની ભાળ મેળવવા માટે 'ધ રોયલ નેશનલ ઇન્સ્ટિટ્યુટ ફોર ધ બ્લાઇન્ડ'નો સંપર્ક કરો.

લીવીંગ સેન્ટરોમાં પણ અંધજનો અને ઓછું દેખી શકે એવા માણસોને ઉપયોગમાં આવે એવા સાધનો હોય છે.

તમારા નજીકના સેન્ટરની ભાળ મેળવવા માટે 'ડીસેબલ્ડ લીવીંગ સેન્ટર્સ કાઉન્સિલ'નો સંપર્ક કરો.

### બહેરા અને ઓછું સાંભળી શકે એવા માણસો માટેના સહાય -કેન્દ્રો

મંદ શ્રવણ-શક્તિ વાળા લોકો નિદાન, સલાહ, શિક્ષણ અને સાધનોના પ્રતિપાદન માટે આવા કેન્દ્રોમાં જઇ શકે છે.  તમારા નજીકના સેન્ટરની ભાળ મેળવવા માટે 'ધ રોયલ નેશનલ ઇન્સ્ટિટ્યુટ ફોર ડેફ પીપલ'નો સંપર્ક કરો.

બોલવા-સાભળવામાં તકલીફ હોય એવા લોકોને ઉપયોગમાં આવે એવા સાધનો માટે 'કોમ્યુનિકેશન એઈડ સેન્ટરો' હોય છે. જરૂર લાગે તો દર્દીનો સ્પીચ થેરાપીસ્ટ એને એવા સેન્ટરમાં મોકલશે.

## આવા ટેકારૂપી સાધનો ખરીદો ત્યાર વીએટી (VAT) ભરવામાંથી કેવી રીતે બચવું

જરૂરી ટેકા માટેના સાધન-સામગ્રી ઉપર વીએટી - જે એક પ્રકારનો ખરીદી વેરો છે - ભરવાનો નથી હોતો. વિએટીથી બચવા માટે તમારે એક ફોર્મ ભરી, સહી કરીને જણાવવું પડશે કે એ વસ્તુઓ કોઈ ગંભીર બિમારી વાળા માટે કે ડીસેબલ્ડ વ્યક્તિ માટે છે. આને માટેની માહિતીપત્રિકા તેમ જ જરૂરી ફોર્મ તમને સ્થાનિક જકાત-મથક (કસ્ટમ્સ એન્ડ એક્સાઈઝ ઓફિસ) માંથી મળશે.

## ટેકારૂપી સાધનો લેવા માટે આર્થિક સહાય કેવી રીતે મેળવવી

હેલ્થ ઑથોરિટી યા તમારી સ્થાનિક કાઉન્સિલ કેટલાંક સાધનો વિના મૂલ્યે યા નજીવી કિંમતે આપે છે.

આમ છતાં, અમુક સાધનો એ ન આપી શકે યા આપવા માટે તૈયાર ન હોય, તો એની કિંમત ચૂકવવા માટે તમને મદદ મળી શકે છે:

- સોશિયલ ફંડ
- કોઈ ધર્માદા સંસ્થા કે ડીસેબીલીટી માટેની સંસ્થા
- ફેમિલી ફંડ

### સોશિયલ ફંડ

તમારી સંભાળ હેઠળની વ્યક્તિને ઈન્કમ સપોર્ટ મળતું હોય તો એને સોશિયલ ફંડમાંથી કોમ્યુનિટી કેર ગ્રાન્ટ મળી શકે છે. અરજી કરવી હોય તો સ્થાનિક બેનિફિટ એજન્સીનો સંપર્ક કરો.

### ધર્માદા સંસ્થાઓ અને ડીસેબીલીટી માટેની સંસ્થાઓ

ઘણીખરી મુખ્ય ધર્માદા સંસ્થાઓ અને ડીસેબીલીટી માટેની સંસ્થાઓ ગ્રાન્ટ આપે છે. આ ગ્રાન્ટ માટેની અરજી સોશિયલ વર્કર યા હેલ્થ વર્કર મારફત કરી શકાય છે. 'એ ગાઈડ ટુ ગ્રાન્ટ્સ ફોર ઈન્ડિવિડ્યુઅલ્સ ઈન નીડ' નામની પુસ્તિકામાંથી વધારે માહિતી મળી શકશે. આ પુસ્તિકા ઘણીખરી લાયબ્રેરીઓમાં અને સલાહ-કેન્દ્રોમાં મળી શકશે.

## ફૅમિલી ફંડ

'ધ જોસેફ રાઉન્ટ્રી ફાઉન્ડેશન' સંચાલિત આ ફૅમિલી ફંડ સખત શારીરિક ખામી વાળા યા ભણવામાં અતિશય કાચા એવા બાળકોને જરૂરી સાધનો પૂરા પાડી શકે છે.